# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વ્યારાને ઈન્સ્ટીટયુશનલ એવોર્ડ એનાયત

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ન્યુ દિલ્હી તથા ન.કૃ.યુ. નવસારી દ્વારા સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વ્યારાને "બેસ્ટ વર્કિંગ ઈનોવેટિવ ટેકનોલોજી ઈન એગ્રીકલ્ચર" નો ઈન્સ્ટીટયુશનલ એવોર્ડ ધાનુકા એગ્રીટેક લી. દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર– વ્યારા દ્વારા તાપી જિલ્લાના આદિવાસી ખેડૂત ભાઈઓ અને બહેનો માટે કુલ ૮૧ વિવિધ પ્રકારની તાલીમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૮૬ ભાઈઓ અને ૨૪૦૦ મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સંકલિત ખાતર વ્યવસ્થાપન, સંકલિત પાક વ્યવસ્થાપન, સંકલિત જીવાત વ્યવસ્થાપન, જાનવરોની તંદુરસ્તી માટે વ્યવસ્થાપન, જાનવરોના રોગ વ્યવસ્થાપન, જાનવરોમાં પોષણ વ્યવસ્થાપન, મહિલાઓમાં શ્રમ ઘટે તેવા કુલ ૬૬૦ વિવિધ પ્રકારના અગ્રિમ હરોળ નિદર્શનો, કિચન ગાર્ડન વગેરે લેવામાં આવ્યા હતા. આખા વર્ષ દરમ્યાન લગભગ ત્રણ હજારથી વધારે ખેડૂતો કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લે છે. કુલ ૧૫૪૯ જેટલી વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓમાં કુલ ૭૭૧૯૬ ખેડૂત ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. ખેતી વિષયક કુલ ૩૨ વિવિધ પ્રકારના ટેકસ્ટ મેસેજ ૧૧૮૭૬ ખેડૂતોને મોકલવામાં આવ્યા હતા.

કે.વિ.કે. ના વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા ૯ સંશોધન પેપરો, ૧ બુક, ૨ બુક ચેપ્ટર્સ, ૧ સંશોધન એબસ્ટ્રેકટ, ૨૮ ખેતી વિષયક ફોલ્ડરો પ્રકાશિત કરવામાં આવ્યાં હતા અને વૈજ્ઞાનિકશ્રીઓના ૧૨ રેડિયો ટોક તથા ૨ ટી.વી. ટોક પ્રસારિત થયાં હતા.

ખેતી આધારિત ઉધોગો જેવા કે ફળ અને શાકભાજીમાં મૂલ્યવર્ધન દ્વારા ઉધોગસાહસિકતા, ગુણવત્તાયુકત ધરૂ ઉછેર માટે પ્લગ ટ્રે નર્સરી વિષય ઉપર વ્યવસાયિક તાલીમ, મશરૂમની ખેતી, હર્બલ તેલની બનાવટ, ઈકો–ફ્રેન્ડલી બેગની બનાવટ, નાળિયેરના રેસામાંથી વિવિધ બનાવટો અને પગલુછણીયાની બનાવટ, મૂલ્યવર્ધન અને પાક કાપણી પછીની માવજત વિગેરે વિષયો ઉપર વ્યવસાયિકલક્ષી તાલીમોનું આયોજન કરી ખેડૂતો ઉધોગ સાહસિક બને તે માટે માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા.

PPVFRA પ્રોગ્રામ હેઠળ ખેડૂતોના પાકોની જાતોનું રક્ષણ, ટામેટાંમાં સાઉથ અમેરીકન પીનવોર્મ, ગુજરાતમાં તુવેરના પાકોમાં પેન્ટાટોમીડ બગ, પ્લાઝમાં સ્ટીક બગ વગેરે ઉપર સંશોધન કાર્ય કરવામાં આવ્યું હતું.

કે.વિ.કે. દ્વારા ડાંગરની જુદીજુદી સુધારેલી જાતોનું ૨૩૯.૪૫ ટન બિયારણ કુલ ૬૮૭ ખેડૂતોને વેચાણ કરવામાં આવ્યુ હતુ. જયારે પ્લગ ટ્રેમાં ઉછરેલ ગુણવત્તાયુકત શાકભાજી ધરૂ ૧,૧૯,૮૭૪ નંગ કુલ ૮૬૦ ખેડૂતોને વેચાણ કરવામાં આવ્યું હતુ. કે.વિ.કે. દ્વારા ૩૦૦૦ લીટરથી વધારે જૈવિક ખાતરો અને જૈવિક જંતુનાશકોનું ૪૯૮ ખેડૂતોને વેચાણ કરવામાં આવ્યુ હતુ અને ICAR – ન્યુ દિલ્હી દ્વારા આ કે.વિ.કે. ને "કેશલેસ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર" એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો. ખેડૂતો સુધી આ બધી ખેતી વિષયક પ્રવૃત્તિઓ પહોંચાડવામાં આ કેન્દ્રના બધા જ વૈજ્ઞાનિકશ્રીઓએ તનતોડ મહેનત કરી હતી.




कृषि विज्ञान केन्द्र
AGRICULTURAL SCIENCE CENTRE
नवसारी कृषि युनिवर्सिटी
व्यारा-वापी